# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯ તા.૨૮-૦૫-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- મ્યુનિ.શાળાઓના શૈક્ષણિક મકાનોમાં તકેદારી તેમજ સલામતીના પગલાં લેવા બાબત.

સંદર્ભ :- એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીના પત્ર ક્રમાંકઃ એસએસ/સિવિલ/૨૦૨૪,તા. ૨૭-૦૫-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, શાળાઓમાં કોઈ દુર્ઘટના ના ઘટે તે માટે સ્કૂલ સેફટી અંગે તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલાં અગાઉથી ભરવા આવશ્યક છે. તમામ મ્યુનિ. શાળાના શૈક્ષણિક/બિન શૈક્ષણિક મકાનો વગેરેમાં સ્કૂલ સેફટી અંગે તકેદારી રાખવા તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને નીચે જણાવેલ લેખિત સુચનાઓ તથા સામેલ એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર તૈયાર કરી સબંધિત ઝોન કચેરીએ જમા કરાવવાનું રહેશે તેમજ મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા મુખ્ય શિક્ષકશ્રીએ રજૂ કરેલ એનેક્ષર-એ મુજબના પ્રમાણપત્રના આધારે એનેક્ષર-બી મુખ્ય કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે.

(૧) શાળામાં રૂમો જર્જરિત જાહેર થયેલ હોય અથવા સામાન્ય રીતે ભય જનક લાગતા હોય તેવા વર્ગખંડમાં બાળકોને બેસાડવા નહિ.

(૨) શાળા પરિસરમાં આવેલા જર્જરિત/ભયજનક વર્ગખંડ મકાન, ટોઈલેટ બ્લોક, સેપ્ટીક ટેન્ક, ખાળ કુવા કે અન્ય બાંધકામની ફરતે બેરીકેડ/ આડસ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ તાકીદે લગાવવા તેમજ સદર વિસ્તારમાં કોઈપણ વ્યકિત ન પ્રવેશે તે માટે પ્રતિબંધિત કરી ‘‘પ્રવેશ નિષેધ’’ બોર્ડ લગાડવા.

(૩) કાર્યરત શાળામાં બાંધકામ ચાલુ કરવાનું હોય ત્યારે બાંધકામના સ્થળે આડસ કરી તે બાજુ બાળકો ન જાય તેવી વ્યવસ્થા કરવી. બાંધકામનો માલ સામાન વ્યવસ્થિત રાખવો જેથી બાળકોની અવર-જવરમાં અડચણ ઉભી ન થાય તે જોવું તથા ચેતવણી દર્શાવતા નોટીસબોર્ડ મુકવા.

(૪) પાણીની મોટરના વાયર, વીજ કંપનીના મીટરમાં જતા વાયર એવી રીતે ગોઠવવા કે જેથી અનિચ્છનીય બનાવ ન બને, કોઈપણ વાયરના છેડા/સાંધા ખુલ્લા ન રહે તેની તકેદારી રાખવી.

(૫) જર્જરીત/ ભયજનક વર્ગખંડ/ મકાન કે મકાનના ભાગનો સાવચેતી લીધેલ પગલાં (બેરીકેડ) સાથેની સંપૂર્ણ વિગતો સાથેના ફોટા પાડી (અક્ષાંશ, રેખાંશ, ગુગલમેપ) પ્રમાણપત્ર સાથે સામેલ કરવા.

શાળામાં કોઈપણ પ્રકારનીજાનહાનિ ન થાય તે અંગેના તકેદારીના પૂરતાં પગલાં લીધેલ છે તે અંગેના તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીના પ્રમાણપત્ર (એનેક્ષર-એ) મદદનીશ શાસનાધિકારીશ્રીએ મેળવી એનેક્ષર-બી મુજબના પ્રમાણપત્ર સહિતની માહિતી (એનેક્ષર-સી) મુખ્ય કચેરીએ રજૂ કરવાનું રહેશે.

મ્યુનિ.શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સુરક્ષાના મુદ્દે પૂર્ણ તકેદારી રાખી કોઈપણ નિષ્કાળજી દાખવ્યા વગર તા.૦૩-૦૬-૨૦૨૪ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી પૂર્ણ કરી આપના ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીની મુખ્ય કચેરીએ હાર્ડ અને સોફટ કોપી મોકલી આપવા જણાવવામાં આવે છે.

તા.૨૮-૦૫-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેકટર૧૭-, ગાંધીનગર--૩૮૨૦૧૭
ફોન નં. ૦૭૯.૨૩૨૪૩૧૩૩, ૨૯૬૩૮૪૦૪
Email: ssamcivilgcpe@gmail.com
Website: www.ssagujarat.org
સિવિલ હેલ્પલાઇન નં. ૦૭૯-૨૨૮૮૦૦૫૧

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : એસએસ/સિવિલ/૨૦૨૪/ તા. ૨૭/ ૦૫ /૨૦૨૪

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લો : તમામ

શાસનાધિકારીશ્રી,
મ્યુ. કોર્પોરેશન
અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત

વિષય : રાજયની સરકારી શાળાઓ/કેજીબીવી/હોસ્ટેલ/સરકારી શૈક્ષણિક મકાનોમાં તકેદારી તેમજ સલામતીના પગલાં લેવા બાબત..
સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : એસએસ/સિવિલ/૨૦૨૪/૨૨૨૮૯ થી ૨૨૩૮૮, તા. ૧૮.૦૫.૨૦૨૪

શ્રીમાન,

રાજયમાં કોઇપણ શાળા/સંસ્થામાં કોઈ દુર્ઘટના ના ઘટે તે માટે સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલાં અગાઉથી ભરવા આવશ્યક છે. આપના જિલ્લામાં આવેલ તમામ શાળાઓ/કેજીબીવી/હોસ્ટેલ/સરકારી શૈક્ષણિક મકાનો વગેરેમાં સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા તમામ શાળાના આચાર્યશ્રીઓ/વોર્ડનશ્રીઓને નીચે મુજબ લેખિતમાં સૂચનાઓ આપી આ સાથે સામેલ એનેક્ષર – એ મુજબનું પ્રમાણપત્ર મેળવી એનેક્ષર-બી મુજબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના પ્રમાણપત્ર સહિત મોડામાં મોડું તા. ૦૫.૦૬.૨૦૨૪ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીએ મળે તેવું આયોજન કરશો.

(૧) શાળામાં રૂમો જર્જરિત જાહેર થયેલ હોય અથવા સામાન્ય રીતે ભયજનક લાગતા હોય તેવા વર્ગખંડમાં બાળકોને બેસાડવા નહિ.

(૨) શાળા પરિસરમાં આવેલ જર્જરિત/ ભયજનક વર્ગખંડ મકાન, ટોઇલેટ બ્લોક, સેપ્ટીક ટેન્ક, ખાળકુવા કે અન્ય બાંધકામની ફરતે બેરીકેડ/આડસ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ તાકીદે લગાવવા તેમજ સદર વિસ્તારમાં કોઇપણ વ્યકિત ન પ્રવેશે તે માટે પ્રતિબંધિત કરી "પ્રવેશ નિષેધ" બોર્ડ લગાવવા.


(૩) કાર્યરત શાળામાં બાંધકામ ચાલુ કરવાનું હોય ત્યારે બાંધકામના સ્થળે આડસ કરી તે બાજુ બાળકો ન જાય તેવી વ્યવસ્થા કરવી. બાંધકામનો માલસામાન વ્યવસ્થિત રાખવો જેથી બાળકોની અવર-જવરમાં અડચણ ઉભી ન થાય તે જોવું તથા ચેતવણી દર્શાવતા નોટીસ બોર્ડ મૂકવા.

(૪) પાણીની મોટરના વાયર, વીજ કંપનીના મીટરમાં જતાં વાયર એવી રીતે ગોઠવવા કે જેથી અનિચ્છનીય બનાવ ન બને. કોઇપણ વાયરના છેડા/સાંધા ખુલ્લા ન રહે તેની તકેદારી રાખવી.

(૫) જર્જરિત/ ભયજનક વર્ગખંડ/ મકાન કે મકાનના ભાગનો સાવચેતી લીધેલ પગલાં (બેરીકેડ) સાથેનો સંપૂર્ણ વિગતો સાથેના ફોટા પાડી (અક્ષાંશ, રેખાંશ, ગુગલમેપ) પ્રમાણપત્ર સાથે સામેલ કરવા.

શાળામાં કોઇપણ પ્રકારની જાનહાનિ ન થાય તે અંગેના તકેદારીના પૂરતાં પગલાં લીધેલ છે તે અંગેના તમામ શાળાના આચાર્યશ્રીના પ્રમાણપત્ર (એનેક્ષર – એ) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી /શાસનાધિકારીશ્રીએ મેળવી એનેક્ષર – બી મુજબના પ્રમાણપત્ર સહિતની માહિતી (એનેક્ષર-સી) અત્રેની કચેરીએ રજૂ કરશો.

રાજયમાં આવેલ શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની સુરક્ષાના મુદ્દે પૂર્ણ તકેદારી રાખી કોઇપણ નિષ્કાળજી દાખવ્યા વગર તા. ૦૫.૦૬.૨૦૨૪ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી પૂર્ણ કરી અત્રેની કચેરીને ઇ.મેઇલ/પત્ર મારફતે મોકલી આપવા જણાવવામાં આવે છે.



એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા – ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ.

- જિલ્લા પ્રોજેક્ટ ઇજનેર, જિ. તમામ

એનેક્ષર - એ

# પ્રમાણપત્ર

(૧) શાળાનું નામ :

(૨) યુડાયસ કોડ :

(૩) જર્જરિત જાહેર થયેલ/ભયજનક જણાય તેવા
વર્ગખંડની સંખ્યા/ બાંધકામની વિગત :

(૪) તકેદારી અંગે લીધેલ જરૂરી પગલાંની વિગત :

શાળા પરિસરમાં કોઇપણ અકસ્માત કે જાનહાનિ ન થાય તે અંગે તકેદારીના પૂરતાં પગલાં લેવામાં આવેલ છે તે અંગે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શાળાના આચાર્યશ્રી/વોર્ડનશ્રી

બિડાણ : અક્ષાંશ, રેખાંશ, ગુગલ મેપ સાથેના ફોટા

એનેક્ષર – બી

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ................................... જિલ્લામાં આવેલ તમામ સરકારી પ્રાથમિક શાળાઓ/કેજીબીવી/હોસ્ટેલ/ સરકારી શૈક્ષણિક મકાનોમાં સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલાં ભરવામાં આવેલ છે. જિલ્લામાં સમાવિષ્ટ તમામ સંસ્થાઓમાં આ અંગે સૂચનો આપવામાં આવેલ છે તેમજ સંસ્થાના વડાઓના પ્રમાણપત્રો મેળવવામાં આવેલ છે. આ સાથે સામેલ યાદી મુજબ જર્જરિત જાહેર થયેલ મકાનો કે ભયજનક જણાતાં મકાનોમાં સાવચેતીરૂપે પગલાં લેવામાં આવેલ છે. તેમજ કોઇ આકસ્મિક ઘટના ન થાય, કોઇ જાનહાનિ ન થાય તે માટેના અગમચેતીના પગલાં લેવામાં આવેલ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિ. .................

એનેક્ષર-સી

# જિલ્લામાં આવેલ શાળાઓમાં સાવચેતીરૂપે લીધેલ પગલાં અંગે વિગત દર્શાવતું પત્રક

| અનુ. નં | તાલુકો | યુડાયસ કોડ | શાળાનું નામ | જર્જરિત વર્ગખંડની સંખ્યા | અન્ય ભયજનક બાંધકામ | લીધેલ તકેદારીના પગલાંની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

D:\D\H.M\vanjara sir\fire safety\annexure C fire safety.docx